# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૨૪ની
## ટી.પી.સ્કીમ નં.૪૦(લિંબાયત- ડીંડોલી), નીલગીરી ગ્રાઉન્ડ, લિંબાયત, સુરત ખાતે ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા ટી.પી.સ્કીમ નં.૪૦(લિંબાયત- ડીંડોલી), નીલગીરી ગ્રાઉન્ડ, લિંબાયત, સુરત ખાતે સવારે ૧૦.૦૦ કલાકે માન.મેયરશ્રી દક્ષેશભાઇ માવાણીના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. પ્રજાસત્તાક પર્વના અવસરે સવારે લિંબાયત ઝોન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિધ્યાર્થીઓની ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથેની પ્રભાત ફેરી ધ્વજવંદન સમારોહમાં જોડાશે. સુરત મહાનગરપાલિકાના ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીશ્રીઓ તથા નગરજનો દ્વારા ત્રિરંગાને સન્માનપૂર્વક સલામી આપવામાં આવશે. ત્યારબાદ માન.મેયરશ્રી અને મ્યુનિ.કમિશનરશ્રી દ્વારા બલુન ગગનમાં વિહરતા કરવામાં આવશે. ધ્વજવંદન બાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલ દ્વારા યોજાયેલ વિવિધ સ્પર્ધાના પ્રથમ વિજેતાઓને ટ્રોફી તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધી હાંસલ કરેલ શહેરના રમતવીરોને ચેક અને સ્મૃતિભેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. સન્માનિત થનાર રમતવીરો વિગેરેને સવારે ૯ કલાક પહેલાં રજીસ્ટ્રેશન કરાવી બેચ મેળવી લેવાના રહેશે. પ્રજાસત્તાક દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણી માટે લિંબાયત ઝોન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિધ્યાર્થીઓ તથા શહેરની કલા સંસ્થાના કલાકારો દ્વારા દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સ્વચ્છતા અભિયાન/ પર્યાવરણ જાગૃતિ/ કલીન સીટી-ગ્રીન સીટી આધારિત લઘુનાટિકા યોજાશે. ફાયર વિભાગ દ્વારા આધુનિક મશીનો, ટેકનીકો અને અવનવી સર્વિસીસ દ્વારા અપાતી સેવાઓનું પ્રદર્શન યોજવામાં આવનાર છે. ધ્વજવંદન સ્થળ વિસ્તારમાં આવેલ રોડ ડિવાઇડરો તથા ઝોન કચેરીઓને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

સમાચારયાદી નં. ૫૦૧ , તા.૨૫/૦૧/૨૦૨૪, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.